
# ‘સરકાર મરવા પણ દેતી નથી’ પત્નિ પીડિત પતિનો ઉગ્ર આક્રોશ !

## કોર્ટ બિલ્ડીંગમાં આત્મ વિલોપનનો પ્રયાસ : સે. ૭ પોલીસે ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૧૭

મહિલાઓ કાનૂનનો દૂરઉપયોગ કરે છે... ૨૦ વર્ષના લગ્નજીવનથી ત્રસ્ત બની ગયો છું... સરકાર મરવા પણ દેતી નથી... આ વાક્યો આત્મવિલોપનનો પ્રયાસ કરતા પત્ની-પીડિત પતિના છે !! કોર્ટ બિલ્ડીંગમાંથી મોતની છલાંગ લગાવવા જતા આધેડને આજે અટકાવી સ્થાનિક પોલીસે ધરપકડ કરી હતી.



છેલ્લા ૨૦ વર્ષના લગ્નજીવન દરમિયાન પત્નીથી તોબા પોકારી ગયેલા અમદાવાદના અમરાઈવાડી વિસ્તારના પ્રેમનગરમાં રહેતા ૫૦ વર્ષીય ખોડીરામભાઈ ભીખાભાઈ મકવાણાએ આજે સવારે કોર્ટ બિલ્ડીંગમાંથી નીચે પડતુ મુકવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તેમને પત્ની અત્યાચાર વિરોધી સંઘ તેમજ સ્થાનિક મુલાકાતીઓ દ્વારા અટકાવી દેવાતા સે. ૭ પોલીસે આધેડની ધરપકડ કરી હતી. પત્ની પીડિત ખોડીરામના જણાવ્યા અનુસાર તેમની પત્નિએ તેમના પર ઘરેલું હિંસા, શારીરિક માનસિક ત્રાસ અને ભરણપોષણ સહિતના જુદા જુદા ૭ જેટલા કેસો મુક્યા છે. જેના લીધે તેઓ કોર્ટના ધક્કા ખાઈને જિંદગી પુરી કરી રહ્યા હોવાનો આક્રોશ પણ તેમણે ઠાલવ્યો હતો. મહિનામાં ૧૫ દિવસ મુદતો ભરવાની હોવાથી નોકરીએ પણ કોઈ ન રાખતા તેમનું જીવન દોજખ બની ગયું હોવાનો આક્રોશ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. હાથમાં ત્રિરંગો લઈ પત્નીના ત્રાસથી છૂટવા ન્યાયની માંગ કરતા પત્ની પીડિતની સે. ૭ પોલીસે ધરપકડ કરી પી.એસ.આઈ. એ.કે. ટેલરે વધુ તપાસ હાથ ધરી છે.

# મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓ સરકારની નીતિથી નારાજ


## ૨૦મીએ મંત્ર જાપ અને ૨૯મીએ તાલુકા કક્ષાએ રેલીઓ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત રાજ્ય મધ્યાહ્ન ભોજન યોજના કર્મચારી મહામંડળ ગાંધીનગરના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, છેલ્લા ૩૮૯ દિવસથી મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીએ પોતાના પગારના પ્રશ્ન બાબતે ધરણા ઉપર ઉતર્યા છે છતાં સરકાર તરફથી કોઈ હકારાત્મક પ્રતિભાવ મળ્યો નથી જેથી માસિક ૧૦૦૦ રૂ.નું વેતન મેળવતા કર્મચારીઓ આગામી દિવસોમાં જલદ કાર્યક્રમો કરશે જેવું જાણવા મળી રહ્યું છે.

છેલ્લા એક વર્ષથી ઉપવાસ ઉપર ઉતરેલા કર્મચારીઓને સાંપ્રત સરકાર તરફથી કોઈ હકારાત્મક જવાબ મળ્યો નથી. મુખ્યમંત્રી કે તેમના કોઈ પ્રતિનિધિ ઉપવાસી છાવણીની મુલાકાતે આવ્યા નથી.

ગુજરાત હાઈકોર્ટે અને નામદાર સુપ્રિમ કોર્ટે આદેશ કર્યો હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી. આ બાબતે ૧૫મી મે. ૨૦૧૨ના રોજ મહારેલી યોજવામાં આવી હતી. સરકારના બહેરા કાને સંભળાય તે માટે કર્મચારીઓ તા. ૨૦મી મે-૨૦૧૨ના રોજ રાતે ૯ થી ૧૨ કલાક દરમિયાન સિદ્ધેશ્વરી મૈયાના જાપ કરશે અને મુખ્યમંત્રીને સદ્બુદ્ધિ આપે તેવા આશીર્વાદ મેળવશે. ૨૯મી મે-૨૦૧૨ના રોજ દરેક તાલુકા કક્ષાએ રેલીઓ યોજવામાં આવશે અને કર્મચારીઓની માંગણીઓનું આવેદનપત્ર આપવામાં આવશે. ૭મી જૂન-૨૦૧૨ના રોજ દાંડીકૂચ કરવામાં આવશે. કર્મચારીઓના પ્રશ્નો જો નહીં સંતોષાય તો તમામ કર્મચારીઓ ઉપવાસી છાવણી ગાંધીનગર મુકામે વિશાળ સંખ્યામાં હાજર થશે અને ગાંધીનગરથી પગપાળા દાંડી જશે. દાંડી મુકામે જાહેર સભા યોજી સત્યાગ્રહની ભાવી રણનીતિ ઘડશે.



સૅક્ટર-૧૩ ખાતે વિક્રમસિંહ બિહોલાના નિવાસસ્થાને આનંદના ગરબાનું પરંપરાગત રીતે આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તિભાવપૂર્વક મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

## બાલાહનુમાનજીમાં શનિશ્વર જયંતિની ઉજવણી થશે

ગાંધીનગર, તા. ૧૭

બાલા હનુમાનજી મંદિર સેક્ટર-૨ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે તા. ૨૦ મેના રવિવારના રોજ શનિશ્વર જયંતિના ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શનિશ્વર જયંતિએ ૫૫૧ લાડુનો ભોગ શનિદેવને અર્પણ કરવામાં આવશે. રાત્રે ૭.૩૦ કલાકે શ્રી કાન્તિભાઈ યોગીના સ્વરે સુંદરકાંડના પાઠનું આયોજન કરેલ છે. તો શનિશ્વર જયંતિનો લાભ લેવા અપીલ કરેલ છે.

## ઔદિચ્ય બ્રહ્મબંધુઓ માટે નોટ-ચોપડાનું વાજબી દરે વિતરણ થશે

ગાંધીનગર, તા. ૧૭

શિહોર સંપ્રદાય ઔદિચ્ય બ્રાહ્મણ મિત્ર મંડળ અમદાવાદ-ગાંધીનગર તરફથી જ્ઞાતિબંધુના વિદ્યાર્થીઓ માટે વાજબી દરે નોટ-ચોપડા આપવાની વિતરણ વ્યવસ્થા ગાંધીનગર ખાતે કરવામાં આવી છે.

ઔદિચ્ય બ્રાહ્મણ મિત્ર મંડળના પ્રમુખે જણાવ્યું છે કે શિહોર સંપ્રદાય ઔદિચ્ય બ્રાહ્મણ સમાજના વિદ્યાર્થીઓએ નોટ-ચોપડા લેવા માટે શરદભાઈ જે. દવે પ્લોટ નં. ૧૬૦૮/૧, સેક્ટર-૫-સી, વાવોલ રોડ, ગાંધીનગરનો સંપર્ક કરવો. આ અંગેની વધુ વિગતો ફોન નં. ૨૩૨-૩૫૧૬૦ મો. નં. ૯૪૨૮૨ ૭૪૬૬૯૫ર સંપર્ક કરવાથી મળી શકશે. સર્વે જ્ઞાતિ બંધુઓને તેનો લાભ લેવા જણાવાયું છે.

## ગરીબો-દલિતોને પીવા લાયક પાણી, વીજળી અને ટોયલેટની વ્યવસ્થા આપવા માંગ

ગાંધીનગર, તા. ૧૭

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરના પ્રમુખ ભાનુકાન્ત પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં દલિતો અને દલિતો જેવી અન્ય કોમોને પીવાલાયક પાણી, વીજળી તથા ટોઈલેટની વ્યવસ્થા મળી નથી. ગુજરાતના ૬૦ ટકા ઘરોને ટોઈલેટની સુવિધા નથી તથા રાષ્ટ્રીય કક્ષાએ માત્ર ૦.૫ ટકા ઘરોને વીજળી મળતી નથી.

વર્ષ-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાતમાં ૬૦ ટકા એવા ઘરો-કુટુંબો છે જેમને ટોઈલેટની સગવડ આપવામાં આવી નથી. મુખ્યત્વે દલિતો અને દલિત જેવા ગરીબ લોકોને આ સગવડથી વંચિત રાખવામાં આવ્યા છે. ગુજરાતમાં ૨૯.૨ ટકા ઘરોને ટ્રીટમેન્ટ વગરનું કૂવા, તળાવ, કેનાલ કે બોરનું પાણી આપવામાં આવે છે. જેનાથી પાણીજન્ય રોગોના શિકાર આ લોકો બને છે. છેલ્લી માહિતી મુજબ રાષ્ટ્રીય કક્ષાએ માત્ર ૦.૫ ટકા ઘરોને વીજળી મળતી નથી. જ્યારે ગુજરાતમાં વીજળી ન મળતી હોય તેવા ઘરોનું પ્રમાણ ૧ ટકા છે. જેમાં મહ્દઅંશે ગરીબ લોકોનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર દલિત અને દલિત જેવા ગરીબ લોકોને ૧૦૦ ટકા ટોઈલેટની સગવડ આપે, દરેક ઘરને, ઝુંપડાવાસીને ટ્રીટમેન્ટ કર્યા બાદનું શુદ્ધ પાણી પુરૂ પાડે અને દલિત-ગરીબ લોકોને ૧૦૦ ટકા વીજળી પુરી પાડે તેવું સૌ ઈચ્છી રહ્યા છે.

## લિંબડીયા પાસે પોલીસ જીપનું ટાયર ફાટતા બે ને ઈજા

### આરોપીઓને તપાસ માટે ઈડર લઈ જતી ખંભાત પોલીસને અકસ્માત નડ્યો

ગાંધીનગર, તા. ૧૭

બે આરોપીઓને તપાસ અર્થે પોલીસજીપમાં ઈડર લઈને જતી ખંભાત પોલીસની ટીમને લીંબડીયા પાસે અકસ્માત નડ્યો હતો. પોલીસજીપનું ટાયર ફાટતા પલ્ટી મારેથી જીપમાં બેઠેલા પોલીસ જમાદાર તેમજ ડ્રાઈવરને ઈજાઓ થવા પામી હતી.

ખંભાત પોલીસ વાને બે આરોપીઓને પોલીસ જીપમાં લઈ તપાસ અર્થે ઈડર તરફ જઈ રહી હતી. આ દરમિયાન જિલ્લાના લોખંડીના ગામ નજીકથી પસાર થતી વેળાએ બપોરના સમયે અચાનક જીપનું ટાયર ફાટતા જીપે પલ્ટી મારી હતી. સર્જાયેલા આ અકસ્માતમાં જીપમાં ખંભાતના પોલીસ ઈન્સ્પેક્ટર સાથે બેઠેલા જમાદાર બચુભાઈ ઝાલા તેમજ જીપના ડ્રાઈવર બચુભાઈ કાન્તિભાઈ ઉં.વ. ૪૫ને ઈજાઓ થવા પામી હતી. પોલીસ જમાદાર સહિત ઘવાયેલ બન્ને વ્યક્તિને તાત્કાલિક સારવાર અર્થે અપોલો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડભોડા પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. એમ.સી. ડાભીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ દ્વારા મુક્તાર શાહ નાઈટ શૉ નું ૨૦મીએ આયોજન

ગાંધીનગર, તા. ૧૭

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના જીલુભા ધાંધલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ટ્રસ્ટ દ્વારા ગોલ્ડન વોઈસ ઓફ મુકેશ ફેઈમ મુખ્તાર શાહ નાઈટ શૉ નું ૨૦મી મે-૨૦૧૨ને રવિવારે રાત્રે ૯ કલાકે ટાઉન હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મૂદુલા દેસાઈ ખાસ ઉપસ્થિત રહેશે. ગોલ્ડન વોઈસ ઓફ મુકેશ ફેઈમ મુખ્તાર શાહના જાદુઈ કંઠ, જુનિયર રાજકપૂર પ્રભાકર નાયક સાથે કે ૨ કે ફેઈમ રાજેશ પરીખ, પ્લે બેક સીંગર સંગીતા મેલેકર, નિલીમા ગોખલે અને જમ્બો ઓરકેસ્ટ્રા ગૃપ સાથે પરેશ કડિયા ૨૦મી મે-૧૨ને રવિવારે ટાઉનહોલ ખાતે રાત્રે ૯ કલાકે સંગીતનો જાદુઈ જલશો શ્રોતાગણ-દર્શકો સમક્ષ રજૂ કરશે. રસિકજનને પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંકે રેકોર્ડ અપડેટ માટે જરૂરી પૂરાવા મંગાવ્યા

ગાંધીનગર, તા. ૧૭

ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ.ના મેનેજરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેંકમાં ‘આપના ગ્રાહકને ઓળખો’ નોમ્સનું પાલન કરવા માટે સૂચના આપી છે જે અન્વયે સભાસદો અને ખાતેદારોના રેકર્ડ અપડેટ કરવાના હોવાથી ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ.ના સભાસદો પાસેથી પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ (પાછળ સભાસદનો નંબર) સાત દિવસમાં રજૂ કરવા જણાવાયું છે.

અર્બન બેંકના જે સભાસદનું બચત ખાતુ બેંકમાં હોય અને તેમાં ‘કે.વાય.સી.’ અંગે પુરાવા રજૂ કર્યા ન હોય તો તેઓએ જરૂરી પૂરાવા રજૂ કરવા. જો સભાસદનું બચત ખાતુ અર્બન બેંકમાં ન હોય તો બચત ખાતુ ખોલવા વિનંતી કરી છે.

## નાની દશકોશી અઢારગામ વણકર સમાજના વિદ્યાર્થીઓ માટે ચોપડા વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૭

નાની દશકોશી ૧૮ ગામ વણકર જ્ઞાતિ સમાજ દ્વારા વિવિધ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં ૨૦૧૨ના વર્ષમાં વિદ્યાર્થીઓને શિક્ષણમાં વિકાસ અર્થે સમાજના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ચોપડા વિતરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

સમાજ દ્વારા વિના મૂલ્યે સિનિયર કેજી અને ધોરણ- ૧ થી ૪ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ફુલ સ્કેપ ચોપડા નંગ ૬ અને ધોરણ ૪ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફુલ સ્કેપ ચોપડા નંગ ૧૨નું વિતરણ કરવામાં આવનાર છે. આ અંગેના નિયત નમુનાનું ફોર્મ તેમજ છેલ્લી માર્કશીટની નકલ સમાજના ઉપ-પ્રમુખશ્રી ડી.એમ. પરમાર પ્લોટ નં. ૫૪૦/૨, સેક્ટર-૭/બી ખાતે સંપર્ક સાધવાનો રહેશે. સઘળી વિગતો તા. ૩૧મી મે સુધીમાં ભરીને સમાજ ભવન ખાતે જમા કરાવવાની રહેશે. તેમ સંસ્થાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૦૫.૫૮

સૂર્યાસ્ત : ૦૭.૧૭

### તાપમાન

મહત્તમ : ૪૧.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૨૪ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** ડિપાર્ટમેન્ટ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસફુલ- ૨ : ૧૦.૦૦

ઈશકઝાદ : ૧.૦૦, ૩.૪૫, ૧૦.૧૫

છોટા ભીમ : ૬.૩૦, ૮.૧૫

જન્નત ૨ : ૮.૦૦

**સ્ક્રીન-૩ :** છોટા ભીમ : ૧૦.૦૦

જન્નત ૨ : ૧૨.૦૦, ૧૦.૧૫

વીકી ડોનર : ૨.૩૦

હાઉસફુલ- ૨ : ૪.૪૫

ઈશકઝાદે : ૭.૪૫

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** ડિપાર્ટમેન્ટ : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

છોટા ભીમ : ૧.૧૫, ૫.૪૫

ધ એવેન્જર (હિન્દી) : ૩.૦૦

**સ્ક્રીન-૨ :** ડિપાર્ટમેન્ટ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩ :** જન્નત -૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૦૦

ડિપાર્ટમેન્ટ : ૪.૩૦

ડેનજર્સ ઈશ્ક ૨ડી : ૭.૩૦

**સ્ક્રીન-૪ :** ઈશકઝાદે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સૂર્યા, વાવોલ**

મર મીટેંગે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સાચુ સુખ ગુજરાતનું : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**સામાજિક**

- રાત્રે ૯.૦૦ કલાકે, કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા ‘ગ્રીષ્મોત્સ’ અન્વયે ઈન્ફોસીટી કલબ રીસોર્ટ ખાતે ‘આવાઝ કી દુનિયા’ નામક કાર્યક્રમ.

### આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : વ્યાપારક્ષેત્રમાં દિવસ પ્રગતિકારક રહેશે. સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થતી જણાય.

**વૃષભ** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. આવક કરતાં ખર્ચ વધે નહી તેની કાળજી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**મિથુન** : અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષની લાગણી પેદા થશે. કૌટુંબિક ચિંતાઓ હળવી બનતી જણાય. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. યાત્રા થઈ શકે છે.

**કર્ક** : ભૂમિ- સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં જળવાઈ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે.

**સિંહ** : અથાગ પ્રયત્નો કરવાં છતાં ઓછો લાભ થવાની સંભાવના રહેલ છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહી શકે છે. નવા કાર્યો, વિચાર, યોજના મોકૂફ રાખવી. આર્થિક વિવાદોથી નુકશાન થઈ શકે છે.

**કન્યા** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદમાં અભિવૃતિ થવાની સંભાવના છે. નોકરીમાં અધીનોનો સહયોગ મળશે. ધર્મક્ષેત્રે આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો થશે.

**તુલા** : કોઈ ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. આવકના નવા સાધન પ્રાપ્ત થશે.

**વૃશ્ચિક** : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું હિતકારી રહેશે. ઋતુ પ્રમાણે આહાર લેવો. વિશેષ યાત્રાનો યોગ છે.

**ધન** : ઋણથી મુકત થઈ શકશો. મિત્રોનો સાથ- સહકાર કાર્યમાં મળી શકશે. આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**મકર** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર-માન પ્રાપ્ત કરાશે. સામાજિક માનૃ સન્માનમાં વધારો થશે. વ્યવસાયિક લાભ અને સુખૃ સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

**કુંભ** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતન થઈ શકશે. વિવાદિત વ્યપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર -વિમર્શન થઈ શકે છે.

**મીન** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણનું નિર્માણ થઈ શકશે. ગુસ્સા ઉપર કાબુ રાખવો હીતકારી સાબિત થશે.

### ચિરવિદાય

- સ્વ. હંસાબેન ચંદ્રવદન પરીખ (ઉ.વ. ૮૦) પ્લોટ નં. ૫૫૪/૧, સેક્ટર-૨૩, ગાંધીનગર
- સ્વ. સુનિતાબેન મનુભાઈ દંતાણી (ઉ.વ. ૧૫) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર
- સ્વ. પ્રેમીલાબેન સુરેશકુમાર પરમાર (ઉ.વ. ૬૩) પ્લોટ નં. ૪૬૪/૧, સેક્ટર-૭/બી, ગાંધીનગર
- સ્વ. બાદલજી ઉદાજી વાઘેલા (ઉ.વ. ૧૦૩) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર

# ફોઈને એકલું ન લાગે તે માટે ગાંધીનગર આવેલી પૂજા હવે દવે પરિવારનો જ હિસ્સો બની ગઈ છે

સંબંધ સજાવે જિંદગી

**વી આર ફેમિલી**

- તબસ્સુમ પઠાણ

gsrelation@yahoo.com

કેટલાય સંબંધો એવા હોય છે કે જેને આપણે સમજવાનો પ્રયાસ કરીએ તો પણ પાછા પડીએ. આખરે આપણે એવું જ સ્વીકારી લેવું પડે કે આમાં તો પૂર્વ જન્મનું જ કોઈ લેણું હશે...! આવો જ સંબંધ છે પૂજા અને નિરવભાઈ દવેના પરિવાર વચ્ચેનો. ફોઈ સોનલબેનને સાસરીમાં એટલુ ન લાગે તે માટે માત્ર આઠ વર્ષની વયે થોડાક દિવસ ગાંધીનગર આવેલી પૂજા પછી તો ફોઈની દીકરી જ બની ગઈ. આજે વર્ષો બાદ પૂજા ધો. ૧૨ની પરીક્ષા આપી ઈજનેરીમાં પ્રવેશ લેવા થનગની રહી છે અને નિરવભાઈ દવેનો પરિવાર અભિનંદનોની વર્ષા ઝીલી રહ્યો છે.



લોહીના સંબંધ ન હોવા છતાં માત્ર સ્નેહની મજબુત ગાંઠે બંધાયેલા પૂજા અને સોનલબેનને જોઈ કોઈ કહે જ નહિં કે તેઓ મા-દીકરી નહિં પરંતુ ફોઈ-ભત્રીજી છે. અને માને પણ કેવી રીતે પૂજા તો બાળપણથી અહીં જ ફોઈ-ફૂવાની છત્રછાયા અને આશીર્વાદ હેઠળ મોટી થઈ છે. વાત માંડતા સોનલબેન કહે છે કે મારુ પિયર ડભોઈ, લગ્ન કરી સાસરે આવી અને ટૂંક સમયમાં દિકરા માલવની માતા બની. પતિ નિરવભાઈ દવેની નોકરી માર્કેટીંગ એટલે બહારગામ રહેવાનું વધુ બને. દિકરો નાનો અને પતિ બહારગામ રહે તેવા સમયે મને ઘરમાં એકલતા વધુ લાગે એટલે મેં મારા મમ્મીને વાત કરી તો તેમણે મારા ભાઈની આઠ વર્ષની દીકરી પૂજાને થોડાક દિવસ અહીં રહેવા મોકલી દીધી. પછી તો એને અહીં મારી સાથે એવો સ્નેહ બંધાયો કે તે પાછી ગઈ જ નહી.’

નીરવભાઈ આગળનો દોર સંભાળતા કહે છે કે ગાંધીનગરમાં અભ્યાસની સુવિધા વધુ સારી હોવાથી ભણવા માટે તેને અમે અહીં જ રાખી લીધી. તે પછી પૂજા એવી રીતે અમારા પરિવારમાં ભળી ભળી ગઈ કે કોઈ કહે જ નહિં કે પૂજા અમારી દીકરી નથી. આશ્ચર્યની વાત તો એ છે કે પૂજા સોનલની ભત્રીજી હોવા છતાં મારા ભાઈ-ભાભી, મમ્મી-પપ્પા, કાકા-કાકીને ખૂબ વ્હાલી છે. તેનું કારણ છે તેનો સ્નેહાળ સ્વભાવ. પૂજા તેના સ્મિત અને સ્નેહથી દવે પરિવારમાં ખુબ પ્રિય છે.’

માલવને તો પૂજા રૂપે મોટી બહેન મળી ગઈ છે. બંનેને એકબીજા વગર જરાય ન ચાલે અને ભાઈ-બહેનની જેમ લડે પણ ખરાં...! કડી સ્કૂલ, ઓમકાર વિદ્યાલય અને તે પછી ક્રિશ્ના સાયન્સ સ્કૂલમાં શિક્ષણ મેળવનાર પૂજા ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરી ઈજનેરીમાં પ્રવેશ મેળવવા થનગની રહી છે. ગરબા, ડાન્સ અને રસોઈમાં પણ નિપૂણ બનેલી પૂજાને ઉજ્જવળ કારકિર્દીનો માર્ગ પસંદ કરવામાં તેના ફોઈ-ફૂવા સગા મા-બાપની જેમ દોડધામ કરી રહ્યા છે. પૂજાએ જે ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કર્યું છે તે બદલ નિરવભાઈ અને સોનલબેનને જ અભિનંદનના ફોન-એસએમએસ આવી રહ્યા છે. ફોઈ-ફૂવા અને ભાઈ માલવની નજીક રહેવા મળે તે માટે ઈજનેરીમાં પ્રવેશ અમદાવાદ-ગાંધીનગરમાં જ મળે તેવી ઈચ્છા પૂજા રાખી રહી છે.